<table>
<tr><td>દાખલ થયા તારીખ</td><td>૦૮/૧૨/૨૦૨૨</td></tr>
<tr><td>રજુ કર્યા તારીખ</td><td>૦૮/૧૨/૨૦૨૨</td></tr>
<tr><td>ફેંસલ કર્યા તારીખ</td><td>૩૦/૦૩/૨૦૨૪</td></tr>
<tr><td>સમય મર્યાદા</td><td><table><tr><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr><tr><td>૦૧</td><td>૦૩</td><td>૨૨</td></tr></table></td></tr>
</table>

## થાનગઢના મહે. પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મું.થાનગઢ

દિ. કે. નં.૨૩૩/૨૦૨૨
આંક–૩૨

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.
થાનગઢ સબ ડીવીઝન, થાનગઢ, .....વાદી.....

વિરૂધ્ધ.

અશોકભાઈ ભીખાભાઈ ચૌહાણ
ઉ.વ. આ.૩૫, ધર્મે:– હિન્દુ, ધંધો:–મજુરી,
રહે. થાનગઢ, ઠે. મેલડી માતાના મંદિર પાસે,
રૂપાવટી ચોકડી, તા..થાનગઢ, જિ.સુરેન્દ્રનગર .....પ્રતિવાદી.....

**બાબત:–** લેણી રકમ **રૂા.૧૫૫૦૯૧–૭૫** પૈસા વસુલ મેળવવા અંગે

---

વાદી તરફે વિ.વકીલશ્રી એચ.આર.જાદવ
પ્રતિવાદી તરફે એક તરફી

---

(૧) આ કામે વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી પી.જી.વી.સી.એલ.ની મુખ્ય કચેરી સુરેન્દ્રનગર મુકામે અને થાનગઢ ગામે સબ ડીવીઝન ઓફીસ આવેલ છે અને પી.જી.વી.સી.એલ. વીજ કંપનીના નામે લાયસન્સી છે અને વીજળી વાપરનારા ગ્રાહકોને ધારા ધોરણ મુજબ કાયદા અને કરાર મુજબ તથા પી.જી.વી.સી.એલ.ના ધારા ધોરણ અને નીતિ નિયમોને આધીન રહીને ઔધોગિક, ખેતીવાડી, ઘર વપરાશ વિગેરેના હેતુ માટે વીજ પુરવઠો પુરો પાડે છે. આ કામના પ્રતિવાદીને ત્યાં **તા.૨૮/૧૨/૨૦૨૦**ના રોજ વીજ કંપનીના અધિકારીઓએ થાનગઢ તાલુકાના **થાનગઢ** મુકામે ચેકીંગ અર્થે ગયેલ. આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક ન હોવા છતા હળવા દબાણની એલ.ટી. લાઇન ડાયરેકટ લંગરથી **૧ કંમ્પ્રેશર, ૧ વેલ્ડીંગ મશીન, ૧ ગ્રાઇન્ડર, ૧ લેમ્પ** વાપરતા માલુમ પડેલ છે. પીળા કલરનો **૧૨ મીટર વાયર**નું લંગર કરી કબજે લીધેલ છે અને તે સમયે **૧૫૬૦ હો.પા. વોલ્ટ** વીજ ભાર વાપરતા જણાયેલ છે. જેથી સ્થળ ઉપર ચેકીંગ તૈયાર કરેલ. પ્રતિવાદી વીજચોરી કરતા માલુમ પડેલ છે જેથી પી.જી.વી.સી.એલ.ના નિયમ મુજબ આગળની કાર્યવાહી હાથ ધરેલ અને તે સમયે સ્થળ ઉપર પ્રતિવાદી હાજર ન હોય તેમના પ્રતિનિધિ હાજર હોય તેમને ચેકીંગ શીટમાં સહી કરવાનુ જણાવતા સહી કરવાની ના પાડેલ. જેથી સ્થળ પર રોજકામ કરેલ છે. વાદી કંપનીના પરિપત્ર મુજબ ગણત્રી કરતુ પત્રક તૈયાર કરી તે મુજબ બીલ આપેલ છે. પ્રતિવાદી વીજચોરી કરી વીજ વપરાશ કરતા પકડાયેલ હોઇ કલમ-૧૩૫ મુજબનું **રૂા.૧૧૮૮૮૩-૦૭** પૈસા પુરા નિયમ મુજબનું બીલ પ્રતિવાદીને આપવામાં આવેલ હતુ તેમ છતા સદરહુ બીલની રકમ નહી ભરતા **રૂા.૩૮૨૦૮-૬૮** પૈસા ડી.પી.સી. ચાર્જના એમ કુલ મળી **રૂા.૧૫૫૦૯૧-૭૫** પૈસા પુરા લેણા રહે છે. આ કામના પ્રતિવાદી સામે વીજ ચોરીની ફરીયાદ દાખલ થયેલ છે. વાદીએ પ્રતિવાદીને લીગલ નોટીસ આપેલ છે તેમ છતા બીલની રકમ ભરપાઇ કરેલ નથી. જેથી આ દાવો લાવવાની ફરજ પડેલ છે. પ્રતિવાદી પાસે વાદી વીજ કંપનીની દાવા અરજીમાં જણાવ્યા મુજબની લેણી રકમ આ દાવાના તમામ ખર્ચ સહિત દાવાની તારીખથી વસુલ થતા સુધી દર સેકન્ડે **૧૮ %** ના વ્યાજ સાથે પ્રતિવાદીની હરેક પ્રકારની જાત મિલકતથી વસુલ થાય તેવુ વાદીની તરફેણમાં અને પ્રતિવાદીની વિરુધ્ધ કરી આપવા અરજ ગુજારેલ છે.

(૨) સદર કામે પ્રતિવાદી વિરૂધ્ધ સમન્સ કાઢવામાં આવ્યા છતા સદરહુ સમન્સ વગર બજે પરત આવતા વાદી તરફે પબ્લીક નોટીસથી દૈનિક ન્યુઝ પેપરમાં જાહેર પ્રસિધ્ધી કરાવવા અરજી આપતા જે મંજૂર થતાં વાદી તરફે પ્રતિવાદીના સમન્સની બજવણી દૈનિક ન્યુઝ દિવ્ય ભાસ્કરની સુ.નગર આવૃતિમાં પ્રસિધ્ધ કરાવ્યા અંગેની પુરસીસ તથા સદરહુ પ્રસિધ્ધી રજુ કરેલ છે, પરંતુ પ્રતિવાદી હાજર ન રહેતા, દિવાની કાર્યરીતિ અધિનિયમના હુકમ ૫ નિયમ ૨૦(૧ એ) મુજબની જોગવાઇઓ ધ્યાને લેતા આંક-૦૧ નીચે હુકમ કરી પ્રતિવાદી વિરૂધ્ધ હાલની કાર્યવાહી એકતરફીમાં ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) પ્રસ્તુત કામમાં વાદી તરફે નીચે જણાવ્યા મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો::**

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૫ | વાદી વિનોદભાઇ રૂપશીભાઇ મીસ્ત્રીનું પુરાવાનું સોગંદનામું |

**:: દસ્તાવેજી પુરાવા:**

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૭ | તપાસણી અહેવાલ |
| ૨ | ૧૮ | રોજકામ |
| ૩ | ૧૯ | કલમ–૧૩૫ અન્વયે બીલ મોકલતો પત્ર |
| ૪ | ૨૦ | કલમ–૧૩૫ નું બીલ |
| ૫ | ૨૧ | પ્રતિવાદી વિરૂધ્ધ વીજચોરીની ફરીયાદ કરતો પત્ર |
| ૬ | ૨૨ | પ્રતિવાદી વિરૂધ્ધ વીજચોરીની એફ.આઇ.આર. |
| ૭ | ૨૩ | ડી.પી.સી. કેલ્કયુલેશન શીટ |
| ૮ | ૨૪ | એનેક્ષર–૪ |
| ૯ | ૨૫ | એનેક્ષર–સી |
| ૧૦ | ૨૬ | પ્રફોર્મા નં.૧૨ |
| ૧૧ | ૨૭ | પ્રતિવાદીને આપેલ લીગલ નોટીસ |
| ૧૨ | ૨૮ | એકનોલેજમેન્ટ |
| ૧૩ | ૨૯ | એકનોલેજમેન્ટ |
| ૧૪ | ૩૦ | ગેઝેટની નકલ |

ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઇ પુરાવા વાદી તરફે રજુ કરવામાં આવેલ નથી અને **આંક–૩૧** થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે.

પ્રતિવાદી સામે દાવો એકતરફી ચલાવવા હુકમ થયેલ હોય પ્રતિવાદી તરફે કોઇ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ થયેલ નથી.

(૪) ઉપરોકત વિગતે દાવાના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ આંક–૦૬થી ઘડેલા છે.

**// મુદ્દા //**

(૧) શું વાદી પુરવાર કરે છે કે, તેઓ પ્રતિવાદી પાસેથી દાવાવાળી લેણી રકમ વસુલ મેળવવા હકકદાર છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, તેઓ દાવાવાળી લેણી રકમ ઉપર માંગ્યા મુજબનું વ્યાજ મેળવવા હકકદાર છે ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, તેમનો દાવા સમયમર્યાદામા છે ?

(૪) શું હુકમ, શું હુકમનામું

(૫) (૧) હકારમાં

(૨) અંશત:હકારમાં

(૩) હકારમાં

(૪) આખરી હુકમ મુજબ

(૬) ઉપરોકત નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

// કારણો//

**<u>મુદ્દા નં.૧</u>**

આ કામમાં વાદી તરફે સાહેદ **વીનોદભાઇ રૂપસીભાઇ મીસ્ત્રી** નાયબ ઈજનેરશ્રીનું પુરાવાનું સોગંદનામું **આંક–૧૫**થી રજુ રાખેલ છે. જેમાં સાહેદે આંક–૦૧ની દાવા અરજીમાં જણાવેલ તમામ હકીકતો મુજબની હકીકતો જણાવેલ છે. સાહેદે પોતાના પુરાવામાં ઉપરોકત પેરા–૩ માં જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવા અનુક્રમે **આંક–૧૭થી આંક–૩૦** સુધી રજૂ રાખેલ છે. વાદી સંસ્થાએ લીગલ નોટિસ મોકલેલ તેમ છતા બીલની રકમ નહી ભરતા વાદીએ દાવો કરેલાનું પુરાવો આપેલ છે. જે દસ્તાવેજી પુરાવા કે મૌખિક પુરાવાનું ખંડન કરતો કોઇ પુરાવો પ્રતિવાદી તરફે રજૂ કરેલ નથી કે દાવા અરજીની હકીકતોનું ખંડન કરતો દાવા જવાબ પણ પ્રતિવાદીએ રજૂ કરી તે મુજબનો પુરાવો રજુ કરેલ નથી. વાદી સંસ્થા એ પબ્લિક એટ લાર્જના સિધ્ધાંતના ધ્યાને લઇ કામ કરતી બોડી હોય, ચેકીંગ સ્કવોડના અધિકારીને પ્રતિવાદી સાથે કોઇ લેવા દેવા ના હોય યુકિત–પ્રયુકિત કરી ખોટા દસ્તાવેજી પુરાવા પ્રતિવાદી સામે ઉભા કરી પ્રતિવાદી સામે ખોટો દાવો કરી દાવાના સમર્થનમાં ખોટો પુરાવો આપેલ હોય તેવું માની શકાય નહી. તેવા સંજોગોમાં પ્રતિવાદીએ વીટનેશ બોક્ષમાં આવી જુબાની આપી ખંડનાત્મક પુરાવો અદાલત સમક્ષ આપેલ ન હોય, ત્યારે **જી.સી.ડી. ૧૯૯૯(૨) માણેકરાવ વિ. વિધાધારા**ના કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૪૪ અન્વયે અદાલત પ્રતિવાદી વિરુધ્ધ યોગ્ય અનુમાન કરી શકાય તેવા તારણ ઉપર આવે છે જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨</u>**

દાવા કામે વાદી સંસ્થા ધ્વારા બીલની રકમ તથા ડી.પી.સી. ચાર્જની રકમની માંગણી કરેલ છે તેમજ વાદી સંસ્થા ધ્વારા પ્રતિવાદીને નોટિસ આપેલ છે પરંતુ પ્રતિવાદી ધ્વારા બાકી બીલના નાણાં ચૂકવેલ નથી. વધુમાં જયારે વાદીના હાલના દાવા સંબંધી સમન્સ બજયા બાદ પણ પ્રતિવાદીએ પોતાના બચાવ કરવા સારૂ તેમજ વાદીના દાવો ખોટો હોવાનું જણાવવા સારૂ કે દાવાના ખંડન સારૂ હાજર થઈ જવાબ રજૂ રાખેલ નથી કે પોતાનો પક્ષ રજૂ કરેલ નથી ત્યારે ચર્ચા કરી તે મુજબ વાદીએ મુદ્દા નં.૧ પુરવાર કરેલ હોય પરંતુ મુદ્દા નં.૨ બાબતે પ્રતિવાદી પાસેથી ડી.પી.સી. તથા દાવા અરજીમાં જણાવેલ વ્યાજની માંગણી કરેલ છે ત્યારે આ કામે વાદી પક્ષે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવામાં **આંક-૨૩** નું પ્રતિવાદીના ખાતાનું ડી.પી.સી. સ્ટેટમેન્ટ વંચાણે લેતાં જેમાં દાવાવાળી વીજ ચોરીના બીલની રકમ **રૂા.૧૧૬૮૮૩-૦૭** પૈસા તથા ડી.પી.સી.ની રકમ **રૂા.૩૮૨૦૮-૬૮** પૈસા દર્શાવેલ છે. આમ, મુળ રકમ તથા ડી.પી.સી.ની રકમ મળી કુલ **રૂા.૧૫૫૦૯૧-૭૫** પૈસા દર્શાવેલ છે. આમ, ડી.પી.સી.ની રકમ અગાઉથી દર્શાવી દીધેલ છે. આથી કુલ રકમ **રૂા.૧૫૫૦૯૧-૭૫** ઉપર ડી.પી.સી. ચાર્જ અપાવી શકાય નહી, પરંતુ ફકત મુદ્દલ રકમ **રૂા રૂા.૧૧૬૮૮૩-૦૭** પૈસા ઉપર જ ડી.પી.સી. ચાર્જ આપી શકાય તેવુ મારૂ માનવું છે. તેમજ વાદીએ આ કામે **૧૮ %** લેખે જે ડી.પી.સી. ચાર્જની માંગણી કરેલ છે તે વધુ પડતી છે. પ્રવર્તમાન સંજોગોમાં વ્યાજના દર ઘણાં નીચે ગયેલ છે તે દ્રષ્ટિએ વાદીને પ્રતિવાદી પાસેથી **૭%** નાં દરે મુદ્દલ રકમ ઉપર ડી.પી.સી. ચાર્જ અપાવવામાં આવે તો તે વધુ ઉચિત જણાશે તેવું મારૂ માનવું. ત્યારે જાહેર જનતાના હિત માટે કામ કરતી સંસ્થા દિવાની કાર્યસંહિતાની કલમ-૩૪ મુજબ દાવો દાખલ કર્યા તારીખથી દાવા અરજીમાં માંગ્યા મુજબની નહી, પરંતુ **૭ %** સાદુ વ્યાજ આપવું ન્યાયિક અને યોગ્ય લાગતુ હોય મુદ્દા નં.૨ નો અંશત: હકારમાં જવાબ આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૩</u>**

પ્રસ્તુત કામમાં હાલના વાદીએ પ્રતિવાદી સામે વીજચોરી કર્યા અંગે એટલે કે ગ્રાહક ન હોવા છતા ગે.કા. રીતે થાંભલેથી વીજચોરી કરી વીજ વપરાશ કર્યાનો આરોપ છે ત્યારે વીજ ચેકીંગ કર્યા તારીખથી હાલનો દાવો ત્રણ વર્ષની સમય-મર્યાદામાં દાખલ થયેલ હોવાનું જણાઈ આવે છે. જેથી મુદ્દા નં.૩ નો નિર્ણય હકારમાં આપી મુદ્દા નં.૪ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**// હુકમ //**

(૧) વાદીનો દાવો અંશત: મંજૂર કરવામાં આવે છે.

(૨) આથી પ્રતિવાદીને એવો આદેશ કરવામાં આવે છે કે, તેઓએ વાદીને દાવાવાળી લેણી રકમ **રૂા.૧૫૫૦૯૧-૭૫ પૈસા (અંકે રૂપિયા એક લાખ પંચાવન હજાર એકાણુ અને**

**પંચોતેર પૈસા પુરા)** વાદી કંપનીને ચૂકવી આપવા.

(૩) વધુમાં પ્રતિવાદીએ દાવો દાખલ કર્યા તારીખથી તે લેણી રકમ વસુલ આપે ત્યાં સુધી મુદ્દલ રકમ **રૂા.૧૧૬૮૮૩–૦૭ પૈસા ( અંકે રૂપિયા એક લાખ સોળ હજાર આઠસો ત્યાસી અને સાત પૈસા પુરા)** ઉપર વાર્ષિક **૦૭ %** નાં દરે ડી.પી.સી. ચાર્જ વાદી કંપનીને ચૂકવી આપવા.

(૪) વાદીના દાવાનું ખર્ચ પ્રતિવાદીના શીરે રહેશે.

(૫) આ હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તા.૩૦મી માહે માર્ચ સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી હુકમ જાહેર કર્યો.

તા.૩૦/૦૩/૨૦૨૪
થાનગઢ

(અકબરઅલી ફખ્રેઆલમ અન્સારી)
પ્રિન્સિપાલ સિવિલ જજ
થાનગઢ
યુનિક કોડ નં.જી.જે.૦૧૨૬૪